ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૦૫/૦૨/૨૦૧૯

અધિસૂચના ક્રમાંક:- મકમ/૧૦૨૦૦૭/૧૭૩૬૫૯/છ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક:-૫૬/૨૦૧૬-૧૭ અન્વયે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ની જગ્યા માટે સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે સીધી ભરતીથી પસંદગી પામેલ ૧૧ ઉમેદવારોની પસંદગી યાદી વિભાગને મોકલવામાં આવેલ હતી તે પૈકી ૦૨ ઉમેદવારો હાજર ન થતાં વિભાગ દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગને તેમની જગ્યાએ અન્ય ૦૨ ઉમેદવારોના નામો પસંદ કરી મોકલી આપવા જણાવતાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ ૦૨ ઉમેદવારોની પસંદગી કરી પ્રતિક્ષા યાદી મોકલવામાં આવેલ છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૦૨(બે) ઉમેદવારોના નામોની ભલામણ પ્રતિક્ષા યાદી દ્વારા કરવામાં આવેલ છે. આ ઉમેદવારોને બે વર્ષ માટે અજમાયશી ધોરણે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ તરીકે પે બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે રૂ.૪૬૦૦ના પગાર ધોરણમાં તેઓ હાજર થાય તે તારીખથી નીચે મુજબની જગ્યાએ તદ્દન હંગામી ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | નિમણૂંકનું સ્થળ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | શ્રી કિરણબેન હાસાનંદભાઇ મોરિયાણી | દાહોદ જિલ્લામાં<br>બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી વર્ગ-૨ તરીકે |
| ૨ | શ્રી મહેશકુમાર પરસોતમભાઇ હિંગળાદીયા | મહેસાણા જિલ્લામાં<br>બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી વર્ગ-૨ તરીકે |

ઉપરોકત નિમણૂંક નીચે મુજબની શરતોએ આપવામાં આવે છે :-

(૧) ઉમેદવારોએ હાજર થવા અંગેનો રીપોર્ટ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગરને કરવાનો રહેશે અને તેની જાણ નિયામકશ્રીએ આ વિભાગમાં કરવાની રહેશે.

(૨) તેઓની નિમણૂંક હાજર થયાની તારીખથી બે વર્ષની મુદત માટે અજમાયશી ધોરણે કરવામાં આવે છે. અજમાયશી મુદત દરમ્યાન બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ અને તેની સમકક્ષ અધિકારીના પે બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂ.૪૬૦૦ના પગાર ધોરણમાં ન્યુનતમ તબક્કે માસિક પગાર પે બેંન્ડ રૂ.૯૩૦૦ ગ્રેડ પે રૂ.૪૬૦૦ તથા નિયમોનુસાર અન્ય ભથ્થા મળવાપાત્ર થશે. અજમાયશી/તાલીમની સમગ્ર મુદત દરમિયાન કોઇ ઇજાફો મળવાપાત્ર થશે નહી. અજમાયશી મુદત સંતોષકારક રીતે પૂરી થયે તેમને નિયમિત ધોરણે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા

અધિકારી, વર્ગ-૨ ની જગ્યા અને તેની સમકક્ષ જગ્યા પર નિમણૂંક આપતા હુકમો કરાશે. જે હુકમો થયા બાદ જ તેમને સામાન્ય દરે ઇજાફો મળવાપાત્ર થશે.

(૩) અજમાયશી સમય દરમ્યાન તેમની સેવા સંતોષકારક નહીં જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઇ પણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી તેમની નોકરીનો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમયની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે. જરૂર જણાયે અજમાયશી સમયની મુદત વધારવામાં આવશે જેના અલગ હુકમ કરાશે.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર દ્વારા વિગતવાર પ્રત્યક્ષ તાલીમ આપવા માટેનો કાર્યક્રમ નક્કી કરવાનો રહેશે તથા અજમાયશી અધીકારીઓને જરૂરી કોમ્પ્યુટર કૌશલ્ય માટે અને પૂર્વ સેવા તાલીમ માટેની વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) તેઓએ સેવા પૂર્વની તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા નિયત તકો અને નિયત સમયમર્યાદામાં પાસ કરવાની રહેશે. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ તથા પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા પસાર કર્યા બાદ જ તેઓને બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ ની જગ્યા અને તેની સમકક્ષ સંવર્ગમાં નિયમિત રીતે નિમણૂંક મળવાપાત્ર થશે. જો તેઓ નિયમો હેઠળ ઠરાવેલ ઉક્ત પરીક્ષા નિયત તકમાં પસાર કરી શકશે નહી તો તેમની સેવા કોઇ પણ જાતની નોટીસ આપ્યા વગર સમાપ્ત કરવામાં આવશે, તે શરતે કબૂલ મંજુર છે તેમ જાણી સમજીને તેઓ નિમણૂંક સ્વીકારે છે. તે મતલબની લેખિત બાહેધરી તેઓએ હાજર થતા પહેલાં બાહેધરી પત્રક મુજબ આપવાની રહેશે.

(૬) તેઓએ ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર અજમાયશી સમય દરમ્યાન CCC+ની પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમય દરમ્યાન જો તેઓ આ પરીક્ષા પસાર નહી કરે તો તેઓના નિયમોનુસાર અજમાયશી સમય લંબાવે શકાશે અને આ લંબાવેલ સમય દરમ્યાન પણ તેઓ જો આ પરીક્ષા પાસ નહી કરે તો તેમની સેવા સમાપ્ત કરવામાં આવશે ને ઉક્ત પરીક્ષા નિયત તકોથી પસાર કર્યે તેઓને સેવામાં પરત લેવામાં આવશે, તે મતલબની લેખિત બાહેધરી તેઓએ હાજર થતા પહેલાં આપવાની રહેશે.

(૭) તેઓએ હાજર થતી વખતે જામીનખતના નિયત નમૂનામાં લેખ/કરાર કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે તેઓ (ક) ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો કરી ન શકે અથવા (ખ) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય એ રીતે અજમાયશી નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પૂરી કરી ન શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિત મૂળ નિમણૂંકની તારીખથી ૩ વર્ષની મુદત પુરી થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે એમને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે તેમની નિમણૂંકને પરિણામે તેમની તાલીમની મુદત દરમ્યાન સરકારે ચૂકવેલા પગાર અને ભથ્થા પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુક્ત અને અલગ રીતે બંધાયેલા રહેશે અને પરત કરવામાં નહીં આવેલી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૮) તેઓએ સરકારે વખતોવખત ઠરાવેલા નિયમો મુજબ હિન્દી અથવા ગુજરાતી અથવા બન્ને પરીક્ષાઓ પ્રવર્તમાન નિયમો અનુસાર પાસ કરવાની રહેશે.

(૯) તેઓને હાજર કરતા પહેલા નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:- સીડીઆર/૧૧૮૬/યુઓ-૨૨૪૪/ગ.૨ મુજબ સોગંદ લેવડાવવાના રહેશે. તે મુજબ સોગંદ લીધા બાદ તેઓને હાજર કરાશે.

(૧૦) તેઓ હાલમાં નોકરીમાં ચાલુ હોય અને તેમણે અરજી પત્રક સાથે કે રૂબરૂ મુલાકાત વખતે આયોગમાં 'ના વાધા પ્રમાણપત્ર (N.O.C.) 'રજૂ કર્યું ન હોય તો તેમણે નિમણૂંકવાળા વિભાગમાં હાજર થતાં પહેલા તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ઉપરાંત તેમના કિસ્સામાં અરજીપત્રકમાં દર્શાવેલ કચેરી/સંસ્થા/વિભાગ બદલાયેલા હોય તો તેમણે તેમની હાલની કચેરીનું 'ના વાધા પ્રમાણપત્ર (N.O.C.)'રજૂ કરવાનું રહેશે તથા નિમણૂંકવાળી જગ્યાએ હાજર થતાં પહેલા ઉમેદવારોએ તેમની હાલની નોકરી છોડીને તે સેવામાંથી છૂટા કરવામાં આવ્યા છે. તે મતલબનો હુકમ/રીલીવ ઓર્ડર નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરને રજૂ કરવાનો રહેશે.

(૧૧) તેઓએ હાજર થતી વખતે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ના નિયમ:૮ (૧એ) ની જોગવાઇને અનુલક્ષીને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦-૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નિયત કરાયેલ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતાં હોવાનું કોઇપણ માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર અચૂક પણે રજૂ કરવાનું રહેશે.

(૧૨) ઉપરોક્ત નિમણૂંક મેળવતા ઉમેદવારોએ સરકારશ્રી/નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, કે ઉચ્ચ સત્તાધિકારી દ્વારા સોંપવામાં આવતી કામગીરી ફરજો તથા જવાબદારી નિભાવવાની રહેશે તથા પૂર્ણ કરવાની રહેશે.

(૧૩) જે જગ્યા પર નિમણૂંક આપવામાં આવે તે જગ્યાની ફરજો જવાબદારી પૂર્વક અને સંતોષકારક નિભાવવાની રહેશે.

(૧૪) અજમાયશી સમયની કામગીરી સંતોષકારક નહિ જણાતા અથવા ઉપરોકત શરતો અથવા તે પૈકી કોઇ પણ એક શરતના ભંગ બદલ ઉમેદવારોને કોઇ પણ પ્રકારની નોટીસ આપ્યા વિના સરકાર તેઓની સેવાઓનો અંત લાવી શકશે અને તેમને સરકારી નોકરીમાંથી છૂટા કરી શકાશે એટલે તે રીતે અજમાયશી સમય દરમ્યાનની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે.

(૧૫) કોઇ યોજના કામગીરી કચેરીની જગ્યાઓ બંધા થવાથી અથવા કોઇ યોજના કર્મચારીઓ સાથે કોઇ બોર્ડ કે નિગમને સરકાર તબદિલ કરે તેવા સંજોગોમાં ઉમેદવારોને રાજય સરકાર જગ્યાનાં અભાવે ફાજલ (સરપ્લસ) જાહેર કરે તો નોકરીનો અંત આવશે. તેમ છતાં ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ મુજબ મળવાપાત્ર લાભો આપી સરકાર છૂટા કરી શકશે, નોકરીમાં ચાલુ રાખવાનો દાવો થઇ શકશે નહી.

(૧૬) આ હુકમો મળ્યા તારીખથી દીન-૩૦માં ઉમેદવારોએ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે અને ત્યારબાદ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર દ્વારા નક્કી કરાયેલ મુજબ પ્રત્યક્ષ તાલીમ લઇને પછી તુરત જ નિમણૂંકવાળી જગ્યા ઉપર હવાલો સંભાળવાનો રહેશે. ઉમેદવારોએ પોતાના ખર્ચે હાજર થવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૭) ઉમેદવારોએ નિમણૂંકની જગ્યાએ આ અધિસૂચના મળ્યેથી દીન-૩૦માં હાજર થવાનું રહેશે. જો ઉમેદવાર સમય મર્યાદામાં હાજર નહી થાય તો તેમને કોઇપણ જાતની નોટીસ આપ્યા વિના નિમણૂંક રદ કરવામાં આવશે. આ બાબતે કોઇ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહી.

(૧૮) ઉમેદવારોએ અજમાયશી બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ની જગ્યા અને તેની સમકક્ષ જગ્યા પરની કામગીરીનો ખ્યાલ આપતો વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ આ જગ્યા પર નિમણૂંક થાય ત્યારથી માંડીને બે વર્ષ સુધી સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૬/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક:- પીઆરઓ/૧૦૮૬/૫૦૬૮/ગ.૨થી નિયત થયેલ નમૂનામાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર મારફત તથા ઉમેદવારોએ લીધેલ તાલીમ અને પ્રગતિ અંગેનો અહેવાલ ભલામણ સાથે દર ત્રણ માસે મોકલી આપવાનો રહેશે.

(૧૯) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું ઉમેદવારો પાસેથી હાજર થતી વખતે રજુ કરેલ બાહેધરી પત્રક, જામીનખત, જામીન, વફાદાર હોવાનું તથા ચારિત્ર અંગેનું પ્રમાણપત્ર અને એટેસ્ટેશન ફોર્મ મેળવીને આ વિભાગમાં મોકલી આપવાના રહેશે.

(૨૦) ઉપરોક્ત નિમણૂંક મેળવતા ઉમેદવારોએ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:- નપન/૨૦૦૬/જીઓઆઇ/૧૦/(પા.ફા.)પીની જોગવાઇ પ્રમાણે તા.૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના અને તે અંગેના વખતોવખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો લાગુ પડશે.

(૨૧) નોકરીની અન્ય શરતો દા.ત.શિસ્ત વર્તણૂંક, પગાર ભથ્થા, રજાઓ, પેશગીઓ વગેરે સરકારે તે માટે વખતોવખત નક્કી કરેલા નિયમોને આધિન રહેશે.

(૨૨) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો), નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧(૨), પેટા નિયમ-(૧) હેઠળ તબીબી પ્રમાણપત્ર છ માસ પહેલાં પરિશિષ્ટ-૩માં દર્શાવેલ નમૂના મુજબનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨૩) ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત તેમની આ નિમણૂંક અંગે હવે પછી જે શરતો લાગુ કરાય તે શરતો પણ તેઓને બંધનકર્તા રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

patelDC

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ, (સર્વે ઉમેદવારોને આર.પી.એ.ડી.થી)

(૧) શ્રી કિરણ હસનાન્દભાઇ મોરીયાણી,
બી.એચ. ગાંધી હોસ્પીટલ, સિંધી સોસાયટી બ્લોક નં. ૨૨,૨૩ , સુરેન્દ્રનગર

(૨) શ્રી મહેશકુમાર પરસોતમભાઇ હિંગળાદીયા,
પી.એસ.આઇ. ક્વાર્ટસ, વિરપુર પોલીસ લાઇન મુ. વિરપુર, તા. જેતપુર, જી. રાજકોટ.

<u>નકલ રવાના પ્રતિ:-</u>

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ ( પત્ર દ્વારા )
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજય, લો પ્રશાસન સંસ્થા, ઇસરો સામે સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- સબંધિત કલેકટરશ્રી, દાહોદ/મહેસાણા
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, દાહોદ/મહેસાણા
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબ સાઇટ પર મૂકવાની વિનંતી સહ)
- સિલેકટ ફાઇલ